# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા "ગીર સાવજ"
# તુવેર (ફાઉન્ડેશન/ સર્ટીફાઈડ/ ટ્રુથફૂલ) બિયારણના વેચાણ બાબત

આથી ખેડૂતમિત્રોને જણાવવાનું કે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખરીફ-૨૦૨૫ ઋતુમાં વાવેતર માટે તુવેર GJP-1 (ફાઉન્ડેશન/ સર્ટીફાઈડ/ ટ્રુથફૂલ) બીયારણ ખરીદી માટે ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવામાં આવેલ. તે અરજીઓનું કોમ્પ્યુટરાઈઝ રેન્ડમાઈઝેશન સીસ્ટમથી રેન્ડમાઈઝેશન બાદ પસંદગી પામેલ ખેડૂતોને આ સાથે નીચે જણાવેલ શરતોના ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવાનું થાય છે. બિયારણના ભાવની વિગતો નીચે કોષ્ટકમાં જણાવેલ છે. વધુ માહિતી માટે બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો ફોન નં.૦૨૮૫-૨૬૭૨૦૮૦-૯૦ પીબીએક્ષ ૪૪૯ અને ૪૫૦ પર સંપર્ક કરવો.

| પાક અને જાતનું નામ | બિયારણની કક્ષા | ભાવ | નોંધ |
|---|---|---|---|
| તુવેર (GJP-1) | ફાઉન્ડેશન/ સર્ટીફાઈડ | રૂા.૩૩૦/- પ્રતિ બેગ (૨ કિલો) | સબસીડી સહાય નથી |
| તુવેર (GJP-1) | ટ્રુથફૂલ | રૂા.૨૩૦/- પ્રતિ બેગ (૨ કિલો) | |

<u>વેચાણનો સમય</u> :- સવારના ૯:૦૦ થી ૧૨:૩૦ તથા બપોરના ૩:૦૦ થી ૫:૩૦

<u>વેચાણનું સ્થળ</u> :- બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ (મેગાસીડ), જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

<u>નોંધ</u> :- ઓનલાઈન અરજીની નોંધણી થયા બાદ નીકળેલ પાવતીની પ્રિન્ટ કાઢીને તેમાં અરજદારે સહી કરી તેને બિયારણ લેવા આવો ત્યારે જમા કરાવવાની રહેશે.

## "ગીર સાવજ" તુવેર (ફાઉન્ડેશન/ સર્ટીફાઈડ/ ટ્રુથફૂલ) બિયારણના મેળવવા માટેની શરતો

૧. ખેડૂત મિત્રોએ બિયારણ ખરીદી માટે જૂનાગઢ ખાતે લેવા આવવાનું રહેશે.

૨. માન્ય અરજીવાળા ખેડૂત અરજદાર ભાઈઓને બિયારણ કઈ તારીખે લેવા આવવું તેંની માહિતી આપના દ્વારા અરજીમાં નોંધવામાં આવેલ મોબાઈલ નંબર પર SMS થી જાણ કરવામાં આવશે.

૩. બિયારણ ખરીદી માટે અરજદારને ફાળવવામાં આવેલ તારીખે જ બિયારણ મળશે. એટલે કે અરજદારને જે તારીખે બિયારણ લેવા આવવા માટે ફાળવવામાં આવેલ હોય તે તારીખે જ લઈ જવાનું રહેશે. ફાળવવામાં આવેલ તારીખે જો બિયારણ ખરીદવા નહિ આવે તો તેનો દાવો રદ ગણવામાં આવશે અને ત્યારબાદ યાદી મુજબ ક્રમમાં આવતો અન્ય ખેડૂતને તેનો લાભ મળશે.

૪. તુવેરના બિયારણ માટે જે ખેડૂતની અરજી મંજુર થઈ છે તેઓને જયારે તેમનો વારો આવે ત્યારે હાજર સ્ટોકમાં હશે તે મુજબ અરજી દીઠ વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં તુવેરમાં ૨૦ બેગ (૪૦ કિ.ગ્રા.) સુધી મળવાપાત્ર થશે.

તારીખ : ૨૦/૦૬/૨૦૨૫
સ્થળ - જૂનાગઢ

પ્રાધ્યાપક અને વડા
બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી
જૂનાગઢ-૩૬૨૦૦૧